પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૭) અંક નં. ૨૫૬ | ૨૮ નવેમ્બર, ૨૦૨૨, સોમવાર; માગશર સુદ - ૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦



પ્રધાનમંત્રીનો પ્રચંડ પ્રચાર.. ગુજરાતમાં રવિવાર પ્રધાનમંત્રીના નામે રહ્યો, નેત્રંગ, ખેડા અને સુરતમાં જાહેરસભા અને રોડ શો દ્વારા ભાજપના પ્રચારમાં પ્રચંડ પ્રતિસાદ પ્રાપ્ત કર્યો હતો. ખેડા, નેત્રંગમાં હજારો જનસમુદાય પ્રધાનમંત્રીને સાંભળવા એકત્ર થયું હતું. જ્યારે સુરતમાં રોડશોમાં જાણે આખુ સુરત માર્ગોની બન્ને બાજુ ઉભું હોય એવા દ્રશ્યો સર્જાયા હતા.

# સુરતના રોડ-શોમાં માનવ મહેરામણ

## વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું અભિવાદન કરવા રોડની બંને તરફ મોટી સંખ્યામાં લોકો ઉમટી પડ્યા

સુરત, તા.૨૭

ગુજરાત વિધાનસભા ચૂંટણી માં પ્રથમ તબક્કાના મતદાનમાં માત્ર ત્રણ દિવસ બાકી છે. ત્યારે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી પાટીદારોના ગઢ સુરતમાં ભવ્ય સભા કરવા માટે પહોંચી ગયા છે. વર્ષ ૨૦૧૫માં શરૂ થયેલા પાટીદાર આંદોલન બાદ પીએમ મોદીની આ વિસ્તારમાં પ્રથમ સભા છે. નોંધનીય છે કે ૨૦૧૭ની વિધાનસભા ચૂંટણી દરમિયાન પીએમ મોદીએ સુરતમાં કોઈ સભા કે રેલી કરી નહોતી. ભાજપ વર્ષ ૨૦૧૭ની ચૂંટણીમાં ભારે વિરોધ છતાં સુરતમાં પોતાનો ગઢ બચાવવામાં ભાજપ સફળ રહ્યું હતું. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સુરત પહોંચી ગયા છે. પીએમ મોદી અહીં ૩૦ કિમી જેટલો લાંબો રોડ શો કરવાના છે. સુરતના રસ્તાઓ પર પીએમ મોદીનું સ્વાગત કરવા લોકોની લાંબી લાઈનો લાગી છે. રોડની બંને તરફ માનવ મેદની ઉમટી પડી છે. રસ્તા પર લોકો મોદી-મોદીના નારા લગાવી રહ્યાં છે. સુરતમાં આ વખતે ભાજપને આમ આદમી પાર્ટી ટક્કર આપી રહી છે. સુરતની કેટલીક સીટ પર આમ આદમી પાર્ટીએ પણ પોતાના મજબૂત ચહેરાઓને મેદાનમાં ઉતાર્યા છે. ત્યારે ભાજપ સામે પોતાનો ગઢ બચાવવાનો મોટો પડકાર છે. નોંધનીય છે કે વર્ષ ૨૦૨૧માં સુરત મહાનગર પાલિકાની ચૂંટણીમાં પણ આમ આદમી પાર્ટીએ ૨૭ સીટો જીતીને બધાને ચોંકાવી દીધા હતા. ત્યારે આ વખતે ભાજપ સામે કોંગ્રેસ અને આમ આદમી બંનેનો પડકાર છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સુરતમાં રોડ શો અને જનસભાને સંબોધ્યા બાદ રાત્રી રોકાણ સુરત સર્કિટ હાઉસમાં કરવાના છે. એટલે કે મતદાન પહેલાં પીએમ મોદી ભાજપના પક્ષમાં માહોલ કરવા માટે કોઈ મોટી રણનીતિ ઘડી શકે છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલ સવાર સુધી સુરત સર્કિટ હાઉસમાં જ રહેવાના છે. એટલે કે રાત્રે સર્કિટ હાઉસમાં રણનીતિ પણ ઘડાઈ શકે છે.

# ભારતને દબાવવા ચીને હિંદ મહાસાગરમાં બિછાવી જાળ

ચીન, તા.૨૭

ચીન સતત ભારત સાથે અવળચંડાઈ કરતું આવ્યું છે. આ વખતે ભારતની દબાવવા ચીને વધુ એક અવળચંડાઈ ભર્યું કામ કર્યું છે. ચીને હવે હિંદ મહાસાગરમાં પોતાનું ઝાળ બિછાવ્યું છે. હિંદ મહાસાગરમાં ચીન ધીરે ધીરે પોતાની પકડ સતત મજબૂત બનાવવા મથી રહ્યું છે. હાલમાં જ યોજાયેલી આંતરરાષ્ટ્રીય બેઠકમાં ભારતની ગેરહાજરીમાં ચીને પોતાની ચાલ રમવાનો પ્રયાસ કર્યો.

ચીને આ અઠવાડિયાની શરૂઆતમાં જ હિંદ મહાસાગર મુદે ૧૯ દેશો સાથે મહત્ત્વની બેઠક યોજી હતી. જેમાં ભારતની ગેરહાજરી હોવાથી ચીને એનો ફાયદો ઉઠાવવાનો પુરે પુરે પ્રયાસ કર્યો હતો. ચીને આ સપ્તાહની શરૂઆતમાં હિંદ મહાસાગર ક્ષેત્રના ૧૯ દેશો સાથે બેઠક યોજી હતી, જેમાં ભારત સિવાય દક્ષિણ એશિયાના તમામ દેશોનો સમાવેશ થાય છે. સૂત્રોનું કહેવું છે કે આ બેઠકમાં ભારતને આમંત્રણ આપવામાં આવ્યું ન હતું. આ બેઠક વ્યૂહાત્મક દરિયાઈ ક્ષેત્રમાં બેઈજિંગના વધતા પ્રભાવ અને મુખ્ય દરિયાઈ વેપાર માર્ગની નવીનતમ

● અનુસંધાન પાન-૭ પર

# ભારત-ન્યૂઝીલેન્ડ વચ્ચેની બીજી વન-ડેમાં વિલન બન્યો વરસાદ

### મેચ ૨૯-૨૯ ઓવરની કરવામાં આવી હતી, પરંતુ ૧૨.૫ ઓવર પછી ફરી એકવાર વરસાદ પડ્યો અને મેચ શરૂ થઈ શકી નહીં

નવીદિલ્હી, તા.૨૭

ભારત અને ન્યૂઝીલેન્ડ વચ્ચેની વન-ડે સિરિઝને જાણે વેધરનું ગ્રહણ લાગ્યું છે. જેને કારણે કરોડો ક્રિકેટ ચાહકોની મજા બગડી રહી છે. વરસાદ વિલન બનીને આ ટુર્નામેન્ટને ખરાબ કરી રહ્યો છે. ફરી એકવાર વરસાદે વિલનની ભૂમિકા નિભાવી છે. ભારત અને ન્યૂઝીલેન્ડ વચ્ચે ત્રણ મેચની વનડે સીરીઝની બીજી મેચ વરસાદના કારણે રદ્દ થઈ ગઈ છે. વરસાદને કારણે મેચમાં ઘણી વખત વિક્ષેપ પડ્યો હતો, પરંતુ છેલ્લી વખત જ્યારે વરસાદને કારણે મેચ અટકાવવામાં આવી ત્યારે ટીમ ઈન્ડિયાનો સ્કોર ૧૨.૫ ઓવરમાં ૧ વિકેટના નુકસાન પર ૮૯ રન હતો.વરસાદ એટલો ભારે હતો કે મેચ ફરી શરૂ થઈ શકી ન હતી અને રદ્દ કરવામાં આવી હતી. ઉલ્લેખનીય છે કે, શ્રેણીમાં કિવિઝ ૧-૦થી આગળ છે. અંતિમ વનડે ૩૦ નવેમ્બરના રોજ ક્રાઈસ્ટચર્ચ ખાતે રમાશે. આ મેચની શરૂઆતમાં ફરી એકવાર ન્યૂઝીલેન્ડના કેપ્ટન કેન વિલિયમસને ટોસ જીતીને પ્રથમ બોલિંગ કરવાનો નિર્ણય કર્યો હતો.

● અનુસંધાન પાન-૭ પર

## ૮ વર્ષના છોકરાનું ચોકલેટ ખાવાથી મોત

વારંગલ, તા.૨૭

તેલંગાણાના વારંગલમાં ૮ વર્ષના છોકરાનું ચોકલેટ ખાવાથી મોત થયું હતું. આ ઘટના કંગન સિંહ સાથે બની હતી. તેઓ તેમના પુત્ર માટે વિદેશથી ચોકલેટ લાવ્યા હતા. જ્યારે ૮ વર્ષના પુત્ર સંદીપે તે ખાધી ત્યારે તે તેના ગળામાં ફસાઈ ગઈ. તેને હોસ્પિટલ લઈ જવામાં આવ્યો પરંતુ તેનો જીવ બચી શક્યો નહીં. પોલીસના જણાવ્યા અનુસાર, બીજા ધોરણનો વિદ્યાર્થી સંદીપ શનિવારે તેના પિતા દ્વારા શાળામાં લાવેલી ચોકલેટ લઈ ગયો હતો. ચોકલેટ ખાધા પછી તેને શ્વાસ લેવામાં તકલીફ થવા લાગી.

# ચીનમાં કોરોનાના કેસ સાથે લોકોનો ગુસ્સો પણ વધ્યો

### લોકોએ સરકાર વિરુદ્ધ સૂત્રોચ્ચાર કર્યા હતા : શાંઘાઈમાં ભીડે ચીનની કમ્યુનિસ્ટ પાર્ટી અને તેના નેતા શી જિનપિંગના રાજીનામાની પણ માંગ કરી

નવીદિલ્હી, તા.૨૭

પડોશી દેશમાં સતત બગડી રહી છે સ્થિતિ. અહીં વાત થઈ રહી છે સતત અવળચંડાઈ માટે જાણીતા ચીનની. ચીનમાં કોરોના કેસ વધતા ત્યા લાદવામાં આવેલી કડક કોવિડ નીતિ સામે શનિવારે રાત્રે શાંઘાઈ સહિત ઘણા શહેરોમાં લોકોનો ગુસ્સો ફાટી નીકળ્યો હતો. જેના વિરોધમાં લોકોએ સરકાર વિરુદ્ધ સૂત્રોચ્ચાર કર્યા હતા. શાંઘાઈમાં ભીડે ચીનની કમ્યુનિસ્ટ પાર્ટી અને તેના નેતા શી જિનપિંગના રાજીનામાની પણ માંગ કરી હતી. લોકોએ 'સ્ટેપ ડાઉન સીસીપી' અને 'સ્ટેપ ડાઉન જિનપિંગ'ના નારા લગાવ્યા. ચીનમાં આ એક દુર્લભ દશ્ય હતું. જેના પરથી સ્પષ્ટ થાય છે કે કડક કોવિડ લોકડાઉનને કારણે સામાન્ય લોકોની નિરાશા વધી રહી છે. આ વિરોધના ઘણા વીડિયો પણ સોશિયલ મીડિયા પર શેર કરવામાં

● અનુસંધાન પાન-૭ પર

## કેનેડાએ ૧૬ નવા વ્યવસાયોનો એક્સપ્રેસ એન્ટ્રીમાં સમાવેશ

કેનેડા, તા.૨૭

કેનેડાએ પોતાને ત્યાં શ્રમિકોની તંગીને દૂર કરવા દેશમાં ૧૬ નવા વ્યવસાયિકોને આવકારવા કામદારોને પરવાનગી આપવા તેની નવી નીતિ (પોલિસી) જાહેર કરી છે. આ તમામ વ્યવસાયોનો એક્સપ્રેસ એન્ટ્રીની યાદીમાં એવા વ્યવસાય સમાવેશ ધરાવે છે કે જે કેનેડામાં વિવિધ કેટેગરીમાંથી કામદારોની જરૂરિયાત ધરાવે છે અને આ માટે તેમને નોંધપાત્ર પ્રમાણમાં લાભ મળી શકે છે. આ મારફતે કાયમી ધોરણે કેનેડામાં વસવાટ કરવાની તક મળી શકે છે. બીજી બાજુ નિષ્ણાતોનું કહેવું છે કે એક્સપ્રેસ એન્ટ્રીની વ્યવસ્થા કેનેડા વર્ષ ૨૦૧૫થી જ ધરાવે છે,પણ કોવિડની સ્થિતિને લીધે તેનો મોકૂફ રાખવામાં આવી હતી. હવે ,કેનેડાએ તેમા ૧૬ નવા વ્યવસાયોનો એક્સપ્રેસ એન્ટ્રીમાં સમાવેશ કર્યો છે. વિવિધ પ્રોગ્રામમાં કામકાજને લઈ જોડાયેલ ઈઈનો આ વ્યવસાયોમાં સમાવેશ થતો ન હતો, આ નવી પ્રોગ્રામમાં ફેડરલ સ્કીલ્ડ વર્કર, ફેડરલ સ્કીલ્ડ ટ્રેડ, પ્રોવિન્સિયલ નોમની પ્રોગ્રામ અને અન્યોનો સમાવેશ થાય છે, તેમ કેનેડિયન ઈમિગ્રેશન કન્સલ્ટન્સી ચલાવતા ગુરપ્રીત સિંઘે જણાવ્યું હતું.






## પ્રથમ પુણ્યતિથીએ

# પાવન સ્મરણ



**અશોકભાઈ ગણાત્રા**

મહાપ્રયાણ - ૨૮ નવેમ્બર ૨૦૨૧

*मन्मना भव मद्भक्तो मद्याजी मां नमस्कुरु*
*मामेवैष्यसि युक्तैव- मात्मानं मत्परायण : ..*

તું મારામાં મનવાળો, મારો ભક્ત તથા મને પૂજનારો થા. મને નમસ્કાર કર. અંતઃકરણથી મારામાં જોડાયેલો અને મારામાં પરાયણ થયેલો તું મને જ પામીશ.

॥ ભગવત ગીતા / ૯-૩૪ ॥

મરણ અહિં છો રહ્યું...
સ્મરણમાં વહે જીંદગી...

## વ્હાલા પપ્પાને...

પ્રથમ પુણ્યતિથીએ શત્ શત્ વંદન..

ઉષ્માભરી... કડક મીઠી... વ્હાલભરી ચા...
એટલે તમારા માટેની ચાહ... પપ્પા...

- જનક ગણાત્રા (પુત્ર)
- કાવ્યા થાનકી (દોહિત્રી)
- ગૌરાંગ થાનકી (જમાઈ)
- રુચિ થાનકી (પુત્રી)

''જય જલારામ સાહેબ...''
- સોહાગ ગણાત્રા...